"બી" ડીવીઝન પોલીસ સ્ટેશન રાજકોટ
શહેરનું વિભાજન કરી નવું થોરાળા પોલીસ
સ્ટેશન બનાવવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૦/૧૮૩/વ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:
3 MAY 2008

વંચાણે લીધો:

(૧)પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૧૩/૨/૦૮નો પત્ર ક્રમાંક: ઇ.૧/૧૫૩૬/નવીસેવા/પોરબંદર/૨૦૭/૦૮
(૨) પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટનો તા.૩૧/૧૨/૦૭નો પત્ર ક્રમાંક: સીબી-૧/દખત બી.ડીવી.વિભાજન ૩૧૪૨/૦૭

ઠ રા વ:

રાજકોટ શહેરના "બી"ડીવીઝન પોલીસ સ્ટેશનનું વિભાજન કરી નવું થોરાળ પોલીસ સ્ટેશન બનાવવા અંગેની પોલીસ કમિશ્નરશ્રીની તા.૩૧-૧૨-૦૭ની દરખાસ્ત મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ "બી"ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટાભાગે ગરીબ અને મધ્યમ વર્ગીય પ્રજા રહે છે અને મોટો ભાગ ઔધોગિક અને જી.આઇ.ડી.સી.વિસ્તાર છે. જેમાં મોટા રાષ્ટ્રીય કક્ષાના ઉદ્યોગો અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ઔધોગિક એકમો પણ આવેલા છે.પરિણામે આંતર રાજ્ય બિન ગુજરાતી મજુરો મોટા પ્રમાણમાં બહારથી આવી રહે છે. જે મજુરોમાં શરીર સબંધી ,નશીલા પદાર્થોનું સેવન અને અન્ય ગુન્હાઓ કરવાની માનસીકતા ધરાવતા હોય છે. જેથી ગુન્હાહીત પ્રવૃતિ અટકાવવા આવા મજુરો પર સતત વોચની આવશ્યકતા રહે છે. તેમજ બી ડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાં ભાવનગર-રાજકોટ હાઇવે નેશનલ હાઇવે નં.૮બી તથા સૌરાષ્ટ્રનું મોટું માર્કેટીંગ યાર્ડ આવેલ છે અને રાજકોટથી અમદાવાદ-વડોદરા-સુરત તરફ જવાના રસ્તાઓ બી ડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાંથી પસાર થાય છે જેથી આંતર રાજ્ય ગુન્હેગારોની આવ જાવક પર ખુબજ સતર્કતા રાખવી પડે છે.

આ વિસ્તારમાં મુસ્લીમ વસ્તી શહેરના અન્ય પોલીસ સ્ટેશનથી વધુ છે.જેથી આ શહેરમાં કોમ્યુનલ બનાવ અટકાવી શકાય તેમજ બન્ને કોમોનું વૈમનસ્ય ઘટાડી સુમેળ સાધી

શહેરની સુખાકારી જાળવી શકાય.પોલીસ સ્ટેશનનું વિભાજમન કરવાથી પોલીસ કામગીરીમાં પણ સુગમતા રહે જેમ કે પોલીસ કર્મચારીઓને ફરજના સ્થળે જવા આવવામાં સરળતા રહે પેટ્રોલીંગ ફરવામાં સાક્ષીઓને બોલાવવામાં આરોપીને શોધવામાં સમન્સ વોરંટની બજવણી કરવામાં નજીકના વિસ્તારમાં જવાનું હોવાથી સમય અને માનવ શક્તિનો બચાવ થવા પામે તથા આમ જનતાને પણ ફાયદાકારક રહે .

ઉપર મુજબની દરખાસ્ત પરત્વે વિચારણાના અંતે રાજકોટ શહેરનું “બી” ડીવીઝન પોલીસ સ્ટેશનનું વિભાજન કરી નવું થોરાળા પોલીસ સ્ટેશન શરૂ કરવા અંગે નિર્ણય કરેલ છે.

થોરાળા પોલીસ સ્ટેશન સત્વરે કાર્યરત થાય એ માટે કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગર તથા પોલીસ પોલીસ કમિશ્નરશ્રી રાજકોટએ હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એન.ભોયા)
સેક્શન અધિકારી,
ગૃહ વિભાગ

તા. [illegible] MAY 2009

પ્રતિ,

-મા. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સકિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-મા. રા.ક. મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

-પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ

-એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

-જિલ્લા તિજોરી અધિકારીશ્રી રાજકોટ

-નાયબ સેક્શન અધિકારીશ્રી

-સિલેક્ટ ફાઇલ.